# આજે ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ઓવલમાં જંગ

## આંકડા ઓસ્ટ્રેલિયાની તરફેણમાં પરંતુ ભારત હોટફેવરીટ : ઓવલના મેદાનમાં ઐતિહાસિક દેખાવ કરવા બંન્ને ટીમો સંપૂર્ણ તાકાત લગાવી દેવા તૈયાર : સ્ટાર ક્રિકેટરો ઉપર તમામની નજર

ઓવલ,તા. ૮

ઓવલના ઐતિહાસિક મેદાન ખાતે આવતીકાલે આઈસીસી વર્લ્ડ કપની મેચમાં ભારતની ટક્કર ઓસ્ટ્રેલિયા સામે થનાર છે. આ મેચ ખુબ જ રોમાંચક બની શકે છે. વર્લ્ડ કપની હજુ સુધીની સૌથી રોચક મેચ પૈકીની એક મેચ તરીકે આ રહી શકે છે. પાંચમી જુનના દિવસે પોતાની પ્રથમ મેચમાં વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાની સામે જીત મેળવીને શાનદાર શરૂઆત કર્યા બાદ આવતીકાલે તેની ટક્કર ઓસ્ટ્રેલિયા સામે થશે. ઓસ્ટ્રેલિયાએ પોતાની બંને મેચો જીતી છે. જે પૈકી ઓસ્ટ્રેલિયાએ તેની પ્રથમ મેચમાં પહેલી જુનના દિવસે બ્રિસ્ટોલ ખાતે અફઘાનિસ્તાન પર જીત મેળવી હતી. બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાએ છઠ્ઠી જુનના દિવસે વેસ્ટ ઈન્ડિઝ પર હાઈ સ્કોરિંગ મેચમાં જીત મેળવી હતી. જેથી ઓસ્ટ્રેલિયાની ટીમના ખેલાડીઓનો નૈતિક જુસ્સો પણ આસમાને છે. બંને ટીમો ટક્કરની ટીમ હોવાથી મેચ જોરદાર રહેનાર છે. ભારતીય ટીમ તરફથી પ્રથમ મેચમાં જ રોહિત શર્માએ સદી ફટકારી શાનદાર ફોર્મમાં હોવાની સાબિતી આપી દીધી છે. ધોનીએ પણ શાનદાર બેટિંગ કરી હતી. શિખર ધવન અને વિરાટ કોહલી નિષ્ફળ રહ્યા હતા. જો કે આવતીકાલે આ બંને ખેલાડી પણ તેમના અસલ ફોર્મમાં રમે તેવી શક્યતા છે. બોલિંગમાં જશપ્રીત બુમરાહ પણ તમામ ચાહકોની નજર રહેશે. આ મેચને લઈને જોરદાર ઉત્સાહ ભારતમાં પ્રવર્તી રહ્યો છે. મોટી સંખ્યામાં ભારતીય ચાહકો મેચ જોવા માટે મેદાનમાં પણ રહે તેવી શક્યતા છે. બંને ટીમો જીતની બાજી લગાવી દેવા માટે તૈયાર દેખાઈ રહી છે. ઓસ્ટ્રેલિયા પાસે પણ ડેવિડ વોર્નર અને સ્ટીવ સ્મીથ ઉપરાંત મેક્સવેલ જેવા સ્ટાર ખેલાડી છે.સાથે સાથે તેની પાસે સ્ટાર્ક, કમિન્સ જેવા બોલર પણ છે. ભારતીય ટીમની પણ




આવતીકાલે કસોટી થનાર છે. ઈંગ્લેન્ડમાં પાંચમી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યુ છે.૧૯૭૫, ૧૯૭૯, ૧૯૮૩ અને ૧૯૯૯માં વર્લ્ડકપનું આયોજન ઈંગ્લેન્ડમાં કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટ માટે ફોર્મેટ ૧૦ ટીમોના સિંગલ ગ્રુપની છે જેમાં દરેક ટીમ અન્ય નવ ટીમો સામે મેચો રમશે. એટલે કે દરેક ટીમ નવ મેચ રમશે ત્યારબાદ ટોપની ચાર ટીમો સેમિફાઈનલમાં પ્રવેશ કરશે. ૧૦ ટીમોની સ્પર્ધામાં આ વખતે રોમાંચકતા રહે તેવી શક્યતા છે. આયર્લેન્ડ અને અફઘાનિસ્તાનની ટીમ પણ પ્રથમ વખત રમી રહી છે. ૨૦૧૯ના પુલવામા હુમલા બાદ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચનો બહિષ્કાર કરવા કહ્યું હતું. સાથે સાથે પાકિસ્તાની ટીમ ઉપર પ્રતિબંધ મુકવાની માંગ પણ કરવામાં આવી હતી. જો કે, દુબઈમાં પત્રકાર પરિષદ યોજીને આઈસીસીએ ભારતની માંગને ફગાવી દીધી હતી. ૨૦૧૧ અને ૨૦૧૫માં ૧૪ ટીમો રમી હતી.વિશ્વ કપ ક્રિકેટમાં અનેક ખેલાડી પોતાના કેરિયરની છેલ્લી મેચો રમી શકે છે. કેટલાક ખેલાડી નવા રેકોર્ડ કરી શકે છે.

# પ્રધાનમંત્રી મોદી કમળના ફુલોથી તોલાયા

## મોદીની ગુરૂવાયુર મંદિરમાં પુજા : પાંચ હજાર વર્ષ જુના મંદિરમાં ખાસ પુજા કરી : તુલા ભરણ પુજન પરંપરા મુજબ તેમને કમળના ફુલોથી તોલવામાં આવ્યા : મુસ્લિમ પરિવાર પાસે ફુલોની ખરીદી

થિરુવનંતપુરમ,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કેરળના પાંચ હજાર વર્ષ



પહેલાના અતિ પ્રાચીન ગુરૂવાયુર કૃષ્ણ મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા. અહીં તુલા ભરણ પુજન પરંપરા હેટળ તેમને કમળના ફુલોથી તોલવામાં આવ્યા હતા. પ્રાપ્ત અહેવાલ મુજબ પુજા અર્ચના કરવા માટે એક મુસ્લિમ કિસાન પરિવાર પાસેથી જ ૧૧૨ કિલો કમળના ફુલની ખરીદી કરવામાં આવી હતી. એમ માનવામાં આવે છે કે કમળના આ ફુલની ખરીદી તિરુનવાયાના એક મુસ્લિમ ખેડુત પાસેથી કરવામા આવી હતી. ત્રિશુરના ગુરૂવાયુર મંદિર કેરળના અને દુનિયાના સૌથી પ્રાચીન મંદિર પૈકી એક મંદિર છે. લોકસભા ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવી લીધા બાદ મોદી આજે કેરળમાં છે. મોદી પરંપરાગત વેશભુષામાં મંદિરમાં પુજા કરવા માટે પહોચ્યા હતા. ત્રિશુરના ગુરૂવાયુર મંદિરમાં દર્શન અને પુજા ઉપરાંત મોદી એક જનસભા પણ કરનાર છે. ગુરૂવાયુર દેવાસમ બોર્ડના ચેરમેન કેબી મોહનદાસે કહ્યુ હતુ કે મોદી માટે ૧૧૨ કિલોગ્રામ કમળની ખરીદી કરવામાં આવી હતી. મલ્લાપુરમાં પ્રી મોનસુનની સ્થિતીને ધ્યાનમાં લઈને કેટલાક ફુલ તમિળનાડુથી પણ મંગાવવામા આવ્યા હતા. એવી માન્યતા છે કે ગુરૂવાયુર મંદિરમાં કૃષ્ણ મુર્તિ કળયુગની શરૂઆતમાં સ્થાપિત કરવામાં આવી હતી. ત્રિશુરને કેરળના દ્વારકા તરીકે પણ ગણવામાં આવે છે. વડાપ્રધાન મોદી આજે સવારે ગુરુવાયુર પહોંચ્યા હતા જ્યાં તેઓએ લોકપ્રિય કૃષ્ણ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. અહીં એક વ્યક્તિને તરાજુ ઉપર બેસાડીને તેમના વચન સમાન ફુલ, ફળફળાદી જેવી ચીજો ભગવાનને દાન કરવામાં આવે છે.

પૂજા બાદ મોદીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, તેઓએ દેશની પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી છે. પોતાના ટ્વિટર એકાઉન્ટમાં મોદીએ લખ્યું છે કે, ગુરુવાયુર મંદિર દિવ્ય અને ભવ્ય છે. મંદિરમાં તુલાદાન સમયનો ફોટો પણ જારી કરવામાં આવ્યો છે જેમાં લખવામાં આવ્યું છે કે, ગુરુવાયુર મંદિરથી એક પવિત્ર ક્ષણ લોકો જોઈ શકે છે. મોદીએ ભગવાન કૃષ્ણને જુદી જુદી ચીજો અર્પણ કરી હતી. આશરે ૨૦ મિનિટ સુધી મંદિરમાં રોકાયા હતા ત્યારબાદ ચાલતા સંકુલમાં સ્થિત મંદિરના ગેસ્ટહાઉસમાં પહોંચ્યા હતા. તેમની સાથે કેરળના રાજ્યપાલ સદાશિવમ, કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી વી. મુરલીધરન અને રાજ્યના મંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. કેરળમાં ૧૦૦ વર્ષથી વધુ સમયથી મુસ્લિમ પરિવારની એક ટીમ કમળના કારોબાર સાથે જોડાયેલી છે. તેમની પાસેથી જંગી ખરીદી કરવામાં આવી હતી.

# નરેન્દ્ર મોદીને ટોચનું સન્માન આપવા માલદિવની જાહેરાત

## કેરળથી માલદિવ જવા માટે રવાના : ગુરુવાયુર મંદિરમાં પૂજા અને જનસભાને સંબોધિત કર્યા બાદ વિદેશ યાત્રા પર રવાના : નરેન્દ્ર મોદી શ્રીલંકા જશે

ત્રિશુર, તા. ૮

કેરળમાં ગુરુવાયુર મંદિરમાં પૂજા અર્ચના અને ત્યારબાદ જનસભાને સંબોધિત કર્યા બાદ વડાપ્રધાન મોદી માલદિવની પોતાની વિદેશ યાત્રા પર રવાના થઈ ગયા હતા. માલદિવ બાદ મોદી શ્રીલંકા જશે. બીજી વખત વડાપ્રધાન બન્યા બાદ મોદીની આ પ્રથમ વિદેશ યાત્રા છે. એમ કહેવામાં આવે છે કે, દક્ષિણ અને દક્ષિણ પૂર્વ દેશોમાં ચીનના વધતા જતાં પ્રભાવને ઘટાડવાના હેતુસર મોદી માટે આ પ્રવાસ મહત્વપૂર્ણ છે. બીજી બાજુ માલદિવે વડાપ્રધાનને રાષ્ટ્રના સર્વોચ્ચ સન્માન ઈજ્જુદ્દીનથી સન્માનિત કરવાનો નિર્ણય કર્યો છે. માલદિવના વિદેશમંત્રી અબ્દુલ્લા શાહીદ દ્વારા નિવેદન કરીને આ અંગેની ખાતરી આપી છે. શાહીદે લખ્યું છે કે, માલદિવે મોદીને દેશના સર્વોચ્ચ સન્માન સાથે નવાઝવાનો નિર્ણય કર્યો છે. મોદીના નેતૃત્વમાં ટ્વિટર ઉપર નમસ્કાર અને સ્વાગતમ જેવા શબ્દોનો ઉલ્લેખ કર્યો છે. આ પહેલા મોદી ગયા નવેમ્બર મહિનામાં પ્રમુખ ઈબ્રાહિમ સોલીહના શપથવિધિમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. આ દ્વિપક્ષીય મંત્રણા ન હતી. મોદીએ પોતાની પ્રથમ અવધિમાં ભુટાનની યાત્રા કરી હતી. સૌથી પહેલી યાત્રા ભુટાનની કર્યા બાદ તેઓએ પડોશી દેશોને પ્રાથમિકતા આપવાની શરૂઆત કરી હતી. મોદીએ પોતાની બીજી અવધિમાં વડાપ્રધાન તરીકેના શપથ લીધા બાદ તમામને પ્રભાવિત કર્યા છે. શપથ ગ્રહણ કાર્યક્રમમાં મોદીએ બિમ્સટેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષોને હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું. બિમ્સટેકના ભારત ઉપરાંત બાંગ્લાદેશ, માનમ્યાર, શ્રીલંકા, થાઈલેન્ડ, નેપાળ અને ભુટાન જેવા દેશો સામેલ છે. મોદીની યાત્રા દરમિયાન કેટલાક અન્ય નેતાઓ સાથે પણ વાતચીત કરનાર છે. મોદીને સર્વોચ્ચ સન્માન આપવાની જાહેરાત કરાયા બાદ આને લઈને પણ જુદી જુદી પ્રતિક્રિયાઓ આવી રહી છે.

# પ્રાંતિજ ખાતે સમગ્ર બ્રહ્મસમાજ દ્વારા સાંસદ દિપસિહ રાઠોડનું બહુમાન કરાયું

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા બ્રહ્મસમાજ દ્વારા સાંસદ દિપસિહ રાઠોડને અભિનંદન પાઠવી બહુમાન કરવામાં આવ્યું હતુ.

તાજેતરમાં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડ ખુબજ જંગી બહુમતીથી સતત બીજીવાર વિજય થતાં સાંસદ દિપસિહ રાઠોડને પ્રાંતિજ બ્રહ્મસમાજ દ્વારા પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે જઈને સાંસદ દિપસિહ રાઠોડને ફુલોનો ગુલદસ્તો આપી જીતના અભિનંદન પાઠવ્યા હતા અને તેમનુ બહુમાન કરવામાં આવ્યું



હતું. આ પ્રસંગે પ્રાંતિજ બ્રહ્મસમાજના પ્રમુખ પ્રકાશભાઈ જોષી, યોગેશભાઈ વકિલ, ભાનુભાઈ રાવલ, લાલુભાઈ રાવલ, શંભુભાઈ રાવલ, ભોલાભાઈ રાવલ, જયંતિભાઈ ત્રિવેદી, રાકેશભાઈ સહિત બ્રહ્મ સમાજના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના જાનેડા નજીક બાઈક ચાલકને બચાવવા જતા ટ્રેક્ટર પલટ્યું

મોડાસા તાલુકાના જાનેડા ગામ નજીક નવા ચોકડી પાસે સામે તરફ આવતા બાઈક સવારને બચાવવા જતા ટ્રેક્ટરનું પૈડું રોડ સાઈડ ઉતરી જતા ટ્રેક્ટર પલટી ખાઈ જતા ચાલકે સમય સુચકતા વાપરી કુદી પડતા આબાદ બચાવ થયો હતો. જાનેડા ગામના અગ્રણી લલિતસિંહ બાપુએ જણાવ્યું હતું કે બે વર્ષ પૂર્વે નવો બનાવેલ ડામર રોડની સાઈડો પુરાવામાં નથી આવી તેના કારણે આવા અકસ્માતો સર્જાય છે. તંત્રના વાંકે લોકો હાલાકી ભોગવી રહ્યા છે ત્યારે શનિવારની સવારે ટ્રેક્ટર પલટી જતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો અને સત્વરે ટોડની સાઈડો પુરાવાની માંગ કરી હતી. ટ્રેક્ટર પલટી ખાતા મોટી જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



મોડાસા ઘી સર્વોદય સહકારી બેંકના ચેરમેન ઈકબાલ હુસેન ઈપોલીયાની પૌત્રીઓ ઉંમર વર્ષ છ રાબિયા બસરીન મકબૂલહુસેન અને શના ફાતિમા તાહિર હુસેન ઉંમર વર્ષ નવનાએ રમજાન માસમાં પુરા માસના રોજા રાખી બંદગી સાથે ઈબાદત કરી હતી.

## આગમન

● અનુસંધાન પહેલાનું ચાલુ

માધવન રાજીવને ટ્વિટ કરીને કહ્યું છે કે, કેરળમાં મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે. કેરળમાં આગામી બે ત્રણ દિવસ સુધી સરેરાશથી લઈને ભારે વરસાદ જારી રહેશે. દેશના અર્થતંત્ર માટે પણ ખુબ મહત્વપૂર્ણ બાબત રહેલી છે. કારણ કે, ભારતના જીડીપીમાં કૃષિનું ખુબ મહત્વ રહેલું છે. ઉત્તર ભારતના મેદાની વિસ્તારો, મધ્ય ભારત અને દક્ષિણ ભારતના અનેક વિસ્તારોમાં પારો હાલમાં ૪૫થી પણ ઉપર પહોંચી ગયો છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં તો પારો ૫૦થી પણ ઉપર પહોંચી ચુક્યો છે. મોનસુનની એન્ટ્રીથી લોકોને ટૂંક સમયમાં જ ગરમીથી રાહત મળશે. હવામાન વિભાગના કહેવા મુજબ દિલ્હીમાં મોનસુન સામાન્યરીતે ૨૯મી જૂનની આસપાસ પહોંચે છે. હવામાન વિભાગે આજે કહ્યું હતું કે, પાટનગરમાં બે ત્રણ દિવસનો વિલંબ થઈ શકે છે. જો કે, ખાનગી હવામાન વિભાગ સ્કાયમેટના કહેવા મુજબ વિલંબ થવાથી હજુ પણ અન્ય રાજ્યોમાં મુશ્કેલી રહી શકે છે. દિલ્હીમાં સામાન્ય મોનસુન રહેવાની શક્યતા દેખાઈ રહી છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં પણ સામાન્ય મોનસુનની શક્યતા છે.

## જોડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાત પર ભાર મુકવા સાથે સ્થાયીકરણ પર એટલો જ ભાર મુકવામાં આવ્યો છે. આ પ્રવેશોત્સવમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાળકો દ્વારા કરવામાં આવનાર છે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગે વિડીયો કોન્ફરન્સ કરી અને જિલ્લાના અધિકારીઓને વિશેષ માર્ગદર્શન પણ આપેલ છે.

શાળા પ્રવેશોત્સવની સાથે સાથે શાળાના સંકુલમાં વૃક્ષોરોપણ થાય એટલુ જ નહિ પણ તે વૃક્ષો બાળકને દત્તક આપી તેનુ જતન થાય તે વાત પર એટલો જ ભાર મુકવા માટે આગ્રહ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ ટકા નામાંકન થાય તે માટે સઘન આયોજન હાથ ધર્યુ છે. જિલ્લામાં ૧૧ હજારથી વધુ બાળકો પ્રવેશપાત્ર મળેલા છે જે ઉલ્લેખનીય છે. આ પ્રવેશોત્સવ દરમ્યાન વિવિધ સમાજના આગેવાનો સાથે બાળકોના શિક્ષણ માટે વિશેષ બેઠકો પણ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજવાનું આયોજન કરવામાં આવી રહ્યાનું સૂત્રોએ જણાવ્યુ છે.

## ગરમીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે શનિવારે ગરમીનો પારો ૪૪.૬ ડીગ્રી નોંધાયો હતો પરંતુ રવિવારે ૪૫ ડિગ્રીએ પહોંચશે તેવુ અનુમાન હોવાથી અમદાવાદ સહિતના શહેરોમાં તો રેડ એલર્ટ જારી કરવામાં આવ્યુ છે.

શહેરમાં આગ ઓકતી ગરમીને કારણે પંખા-એ.સી. પણ ફુલ રાખવામાં આવી રહ્યા છે. વીજ માંગ અને પેયજળની માંગમાં પણ ધરખમ વધારો થવા પામ્યો છે. આકરી ગમરીના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં પણ તળાવોના પાણી સુકાવા માંડ્યા છે તો પાટનગરમાંથી જાણે હરિયાળી જતી રહી હોય તેમ વૃક્ષો પણ સુકા થવા લાગ્યા છે.

ગરમીનો આ વખતે પ્રકોપ કંઈક જુદો જ મિજાજ દર્શાવે છે. જિલ્લામાં હિટવેવને લઈ ભારત સરકારે તમામ જિલ્લાઓને આ મુદ્દો ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં સમાવવાની ભલામણ કરી હતી. જિલ્લામાં હિટવેવના જો કે સાત જ કેસ બન્યા હોવાનુ આરોગ્ય તંત્રનો દાવો છે પરંતુ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અંગ દઝાડતી આ ગરમીનો ભોગ બનેલ દર્દીઓની સંખ્યા વધારે હોવાની વાતો લોકજીભે ચર્ચાનો મુદ્દો છે.

મોડી સાંજ સુધી ગરમીને કારણે ઈવનીંગ વોક કરનારાઓની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળે છે.

## બાદબાકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમુક કર્મચારીઓને કાર્યક્રમમાંથી દૂર કરવાના હુકમો કર્યા એટલુ જ નહિ કર્મચારી એકતા તોડવા માટે તેમણે કેટલીક અભદ્ર ભાષાનો પણ પ્રયોગ કરતાં કર્મચારીઓમાં પુનઃ રોષની લાગણી વ્યાપી જવા પામી હતી.

કર્મચારી સંગઠનને લઈ પણ તેમણે કેટલાક ઉચ્ચારણો કર્યા હોવાથી કર્મયોગીઓ નિરાશ થયા છે. શિક્ષણના સામાજિકરણની દિશામાં એક તરફ સરકાર મહત્વના કદમ ભરવા સજ્જ થઈ રહી છે ત્યાં કર્મયોગીઓ સાથેની સમરસતા તોડવાના અભિગમને લઈ કર્મયોગીઓમાં નિરાશા જોવા મળી રહી છે.

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ અને સામાજિકરણમાં સર્વ શિક્ષા અભિયાનના કર્મયોગીઓએ કડીરૂપ છે તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટ પણ આ અભિયાન અંતર્ગત જ ઉભુ કરવામાં આવી રહ્યુ છે ત્યારે તંત્રના અધિકારીઓ દ્વારા કેમ બેહુદુ વર્તન કરવામાં આવી રહ્યુ છે તેને લઈ શિક્ષણ જગતમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. આજે રાજયના મુખ્યમંત્રી રૂપાણી સહિત શિક્ષણ વિભાગના તમામ જવાબદારો હાજર રહેનાર છે ત્યારે કડીરૂપ કર્મયોગીઓની જ બાદબાકી એ પાટનગરમાં જ નહિ સમગ્ર રાજ્યમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ દ્વારા જે તે જિલ્લામાં આ કડીરૂપ કર્મયોગીઓને કાર્યક્રમમાં નહિ જોડાવા માટેના આદેશો જારી કરી દેવાયા છે.

## બેઠક યોજાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ લોકસભા ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપે વિજય મેળવ્યા બાદ હવે રાજ્યની ૬ મહાનગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ આવી રહી છે તેમાં પણ ભાજપને વિજય બનાવવા માટે ભાજપ દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને આજે સાંજે ભાજપ પાર્ટીની એક સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં રાજ્ય સરકારના સીનીયર મંત્રીઓ તેમજ પ્રદેશ ભાજપના સિનીયર પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યની મહાનગર પાલિકાઓમાં ભાજપની સત્તા છે પરંતુ મોટાભાગની જિલ્લા પંચાયતોમાં કોંગ્રેસના હાથમાં સત્તા છે. આથી આ વખતે યોજાનારી મહાપાલિકાઓની ચૂંટણીમાં ફરી સત્તા મેળવવા તેમજ જિલ્લા પંચાયતોમાં પણ વિજય મેળવીને કોંગ્રેસ પાસેથી જિલ્લા પંચાયતો આંચકી લેવા અત્યારથી જ ચૂંટણી વ્યુરરચના ઘડવાની કવાયત હાથ ધરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સાંજે મળેલી પાર્ટી સંકલન સમિતિની બેઠકમાં આગામી થોડા સમયમાં આવનારી મહાનગરપાલિકાઓની તેમજ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે કયા ચૂંટણી મુદ્દાઓ રાખવા, ચૂંટણી પહેલા મહાપાલિકા વિસ્તારમાં કેવા કેવા વિકાસ કામો પૂર્ણ કરવા, આ તમામ બાબતો અંગે ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

જિલ્લા પંચાયતોમાં કયા કયા પ્રકારના નિર્ણયો લેવા, કેવા વિકાસકામો હાથ પર લઈને પૂર્ણ કરવા એ અંગે પણ વ્યુહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો પર ભાજપને મળેલા ભવ્ય વિજય બાદ આગામી મહાપાલિકાઓ અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં પણ ભાજપને વિજય અપાવવા અને ભાજપનો વિજય પરચમ લહેરાવવા ભાજપ દ્વારા અત્યારથી જ સ્થાનિક સ્વરાજ્યોની ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કરીને ચૂંટણી તૈયારીઓ શરૂ કરી દીધી છે.

## રાજ્ય પોલીસવડા પ્રોહિબિશન ડ્રાઈવમાં

# અરવલ્લી જિલ્લા પોલીસતંત્રની નિષ્ફળ કામગીરીથી ખફા

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે, જુગાર વરલી મટકા અને આંકડા લખાવવાના અડ્ડાઓ શહેરી વિસ્તારોમાં કેટલાક નામચીન શખ્સો ચલાવી રહ્યા હોવાની સાથે ગાંજો-ચરસનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે, વર્લ્ડ કપની મેચ પર લાખ્ખો રૂપિયાનો સટ્ટો રમાઈ રહ્યો હોવાનું જગજાહેર છે. રાજ્યના પોલીસ મહાનિર્દેશકે પ્રોહિબિશન પ્રવૃત્તિ નેસ્તનાબૂદ કરવા આદેશ કર્યા છે. રાજ્ય પોલીસવડાના આદેશને જીલ્લા પોલીસતંત્ર જાણે ઓગાળીને પી જતા અને જીલ્લા પોલીસવડા મયુર પાટીલની પ્રોહિબિશન અને જુગારની બદી સામે શખ્ત કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેતા રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝા એ અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલને નોટિસ ફટકારતા પોલીસબેડામાં ચકચાર મચી છે.

રાજ્ય પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી શિવાનંદ ઝા એ ૨ જૂન થી ૧૦ જૂન રાજ્યભરમાં દારૂબંધીના કડક અમલ માટે અને દારૂની તથા જુગારની પ્રવૃત્તિ અંકુશમાં લેવા માટે ડ્રાઈવ આયોજન કરવામાં આવ્યું છે. આદેશના શરૂઆતમાં દિવસોમાં હરકતમાં આવેલી અરવલ્લી જીલ્લા પોલીસે ઠેર ઠેર દેશી દારૂના ભઠ્ઠો પર રેડ કરી ૯૮ કેશ કરવામાં આવ્યા હતા જેમાં એકપણ ગણનાપાત્ર કેશ ન હોવાથી અને જુગારધારા હેઠળ કેશ શોધવામાં નિષ્ફળ રહેતા રાજ્ય



પોલીસવડાએ શુક્રવારે જીલ્લા પોલીસવડા મયુર પાટીલને નોટિસ ફટકારી વિદેશી અને દેશી દારૂના અને જુગારધારા હેઠળ ગણના પાત્ર કેશો શોધી કાઢવા અને આરોપીઓની અટક કરવા અને જીલ્લાના લિસ્ટેડ બુટલેગરો પર તથા જાણીતા જુગારીઓ પર વધુ રેઈડ કરવા અને કાર્યવાહી સુનિશ્ચિત કરવા નોટિસ ફટકારતા જીલ્લા પોલીસતંત્રમાં હડકંપ મચ્યો છે.

જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જિલ્લાનો ચાર્જ સાંભળતાની સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા શખ્ત કાર્યવાહી કર્યા બાદ અગમ્ય કારણોસર પોલીસવડાની ઢીલી નીતિ સામે અનેક પ્રશ્નાર્થ ઉઠી રહ્યા છે. જીલ્લા પોલીસવડાએ જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના પોલીસમથકો અને વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓની પણ બદલી કરી દીધા પછી ફરીથી એજ સ્થળે અધિકારીઓ અને કર્મચારીઓ પણ ગોઠવાઈ જતા પોલીસવડાની કામગીરી પણ શંકાના દાયરામાં આવી ગઈ છે. કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ જીલ્લામાં ચાલી રહેલી અસામાજિક પ્રવૃત્તિઓ, દેશી-વિદેશી દારૂના અને જુગારધામના અડ્ડાઓ જીલ્લા પોલીસવડાથી દૂર રાખવામાં સફળ રહ્યા હોય જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાનું પ્રજાજનો અનુભવી રહ્યા છે.